# A

This Question Booklet
Contains 16 Printed Pages.

# ZZO

20677

| | |
|---|---|
| સમય : 50 મિનિટ | Time : 50 Minutes |
| કુલ પ્રશ્નો : 100 | Total Que. : 100 |
| કુલ ગુણ : 100 | Total Marks : 100 |

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |

## ઉમેદવારોને સૂચના

(01) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ 100 પ્રશ્નો છે. પ્રશ્નક્રમાંક : 001થી 100ના દરેક પ્રશ્નનો 1 ગુણ છે.

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ ? તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચૂક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ / હોલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઇલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી(**Blue**) અથવા કાળી(**Black**) શાહીની બોલપેનથી (**English**) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક (encode) કરીને આપવી.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ **A, B, C** કે **D**ના **વર્તુળને પૂરેપૂરું ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તો તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ ''શૂન્ય'' ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

**ઉદાહરણ તરીકે :**

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ

(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

Ⓐ Ⓑ ● Ⓓ

આ ઉદાહરણમાં સાચો જવાબ (C) છે. આથી (C)નું વર્તુળ ડાર્ક (encode) કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં **''ગુજરાત''** લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) જવાબવહીમાં આપે નીચે પૈકીની કોઈ પણ ભૂલ કરેલ હશે તો આપની જવાબવહી તપાસવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે.

(01) **જવાબવહીમાં વિગતો ભૂરી/કાળી શાહીવાળી બોલપેન સિવાય અન્ય રીતે આપેલ હશે,**

(02) **જવાબવહીમાં રફકામ કરેલ હશે,**

(03) **જવાબવહીમાં ભરવાની કોઈ પણ કોલમની વિગતમાં કોઈ ભૂલ કરેલ હશે કે રોલ નંબર, પ્રશ્નપુસ્તિકા સિરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબર ખોટા લખેલ હશે કે ખોટા એન્કોડ (encode) કરેલ હશે.**

(04) **જવાબવહીમાં થયેલ ભૂલો સુધારવા માટે કરેક્શન ઇન્ક, કરેક્શન ફ્લ્યુડ, કરેક્શન પેન, ઇરેઝર કે બ્લેડનો ઉપયોગ કરેલ હશે.**

(10) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(11) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(12) **પરીક્ષાખંડ છોડતાં પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(13) **આ કસોટીમાં પ્રત્યેક ખોટા જવાબના તેમજ એક જ પ્રશ્ન માટે એકથી વધુ જવાબ આપેલ હોય તેવા કિસ્સાઓમાં જે તે જવાબના નિશ્ચિત ગુણના એક તૃતીયાંશ ગુણ મેળવેલા કુલ ગુણમાંથી કાપવામાં આવશે. એટલે કે નેગેટીવ ગુણની બાબત ઉમેદવારે ધ્યાને રાખવાની રહેશે.**

(14) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

1 માહે એપ્રિલ-2013માં અવસાન પામનાર વિખ્યાત ભારતીય મહિલા ગણિતશાસ્ત્રી એટલે ...............

(A) સુરેખા દેવી (B) શકુંતલા દેવી

(C) સરયુ દેવી (D) મૃણાલ દેવી

2 અમેરિકાના નિયંત્રણમાં રહેલી અફઘાનિસ્તાનની કઈ બહુચર્ચિત જેલનો કબજો હવે અફઘાનિસ્તાન સરકારને સોંપવામાં આવ્યો છે ?

(A) ફેસિલિટી (બગરામ) (B) પ્રિઝન ઑફ કાબુલ

(C) બલુચ પ્રિઝન (D) કંદહાર પ્રિઝન

3 ચાલુ વર્ષ સને 2013માં બ્રિક્સ (BRICS) દેશોનું પાંચમું શિખર સંમેલન કયા શહેરમાં યોજવામાં આવ્યું હતું ?

(A) જીનીવા (B) રીયો-ડી-જાનેરો

(C) કરાંચી (D) ડરબન

4 ભારત સરકારે ફેબ્રુઆરી 2013માં કયા બે જાહેરક્ષેત્ર સંસ્થાનો (Public Sector Undertakings) ને 'મહારત્ન' દરજ્જો મંજૂર કર્યો છે ?

(A) SAIL અને Coal India (B) ONGC અને NTPC

(C) BHEL અને GAIL (D) ONGC અને GAIL

5 સને 2012નો 'બેસ્ટ ફીચર ફિલ્મ' તરીકેનો રાષ્ટ્રીય ફિલ્મ એવૉર્ડ માર્ચ-2013માં આપવામાં આવ્યો છે, તે ફિલ્મ કઈ છે ?

(A) અનુમતિ (B) પાનસીંઘ તોમર

(C) બરફી (D) સ્પિરિટ

6 જૂન-જુલાઈ 2013 દરમ્યાન ઈજિપ્તમાં થયેલી સત્તા પરિવર્તન વગેરે ઘટનાઓ અંગે નીચે દર્શાવેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) ઈજિપ્તની સેના દ્વારા ઈજિપ્તના રાષ્ટ્રપતિ મોહંમદ મુર્સીને સત્તા પરથી હટાવી દીધા છે.

(B) સંવૈધાનિક કોર્ટના મુખ્ય ન્યાયાધીશ અદલી મહમૂદ મંસુરે કામચલાઉ રાષ્ટ્રપતિ તરીકે હોદ્દો ગ્રહણ કર્યો છે.

(C) ઈજિપ્તના રાષ્ટ્રપતિ મોહંમદ મુર્સી એન્જિનીયર હતા.

(D) ઈજિપ્તમાં છેલ્લાં ત્રણ વર્ષ દરમ્યાન રાષ્ટ્રપતિને પદભ્રષ્ટ કર્યા હોવાની પ્રથમ ઘટના છે.

7 અમેરિકાનું શહેર ડેટ્રોઇટ દેવાળિયું જાહેર થવા સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) ડેટ્રોઇટ પ્રક્ષેપાત્ર શહેર (Weapon City) તરીકે જાણીતું છે.

(B) ડેટ્રોઇટ શહેર દેવાળિયું જાહેર કરવા સંબંધી ચર્ચાઓ - સમાચારો પ્રસિદ્ધ થયાના અરસામાં ડેટ્રોઇટ શહેર પર 58 (અઠ્ઠાવન) અબજ ડૉલરનું દેવું હતું.

(C) ડેટ્રોઇટ શહેરને દેવાળિયા શહેર તરીકે જાહેર કરવા અંગે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે વટહુકમ બહાર પાડેલ છે.

(D) વાહનોની ફેક્ટરી તરીકે જાણીતું ડેટ્રોઇટ શહેર 'મોટર સિટી' તરીકેનું ઉપનામ ધરાવતું હતું.

8 માહે જુલાઈ-2013માં ગુજરાત સરકારે જાહેર કરેલી શહેરી આવાસનીતિ સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) ગુજરાત સરકારે આગામી પાંચ વર્ષમાં શહેરી વિસ્તારોમાં કુલ 12 (બાર) લાખ મકાનો બાંધવાની યોજના સાથે ચાર આવાસ યોજનાઓ મંજૂર કરી છે.

(B) આ યોજના માટે ગુજરાત સરકાર પ્રથમ વર્ષે રૂપિયા 400 કરોડની ફાળવણી કરશે.

(C) આ યોજના અંતર્ગત હાઉસિંગ બોર્ડ અને પીપીપી મૉડલ પર પણ મકાનો બાંધવામાં આવનાર છે.

(D) ઝૂંપડપટ્ટી પુનઃવસન તથા આર્થિક રીતે નબળા વર્ગો માટે ઝૂંપડપટ્ટીઓને સ્થાને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપથી આવાસ યોજના જાહેર થઈ છે.

9 જૂન-2013માં યોજના આયોગ, નવી દિલ્હી દ્વારા ગુજરાતના વિકાસ સંદર્ભે મંજૂર કરેલ યોજનાની નાણાકીય રકમ કેટલી છે ?

(A) 59 હજાર કરોડ રૂપિયા (B) 49 હજાર કરોડ રૂપિયા

(C) 69 હજાર કરોડ રૂપિયા (D) 66.6 હજાર કરોડ રૂપિયા

10 જુલાઈ-2013માં ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશનો હોદ્દો સંભાળનાર જસ્ટિસ સતશિવમ સંબંધમાં નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?

(A) તેઓ તામિલનાડુના વતની છે.

(B) તેઓએ મુંબઈમાં થયેલ બોમ્બ ધડાકાઓ અંગે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે ચુકાદો આપ્યો હતો.

(C) તેઓ અગાઉ મદ્રાસ હાઈકોર્ટના ન્યાયાધીશ હતા.

(D) તેઓ સને 2011થી ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ તરીકેના હોદ્દા પર હતા.

11 યુ.એસ.એ. અને કેનેડા વચ્ચે કુદરતી સરહદની રચના કોણ કરે છે ?

(A) સમુદ્ર (B) જંગલ

(C) સમુદ્રધૂની (D) સરોવર

12 વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવતી એમેઝોન નદી કયા ખંડમાં આવેલ છે ?

(A) ઉત્તર અમેરિકા (B) દક્ષિણ આફ્રિકા

(C) દક્ષિણ અમેરિકા (D) યુરોપ

13 દક્ષિણ અમેરિકા ખંડમાં વિશ્વના કેટલા ટકા જંગલોનો વિસ્તાર આવેલો છે ?

(A) 18% (B) 21%

(C) 15% (D) 23%

14 કયું શહેર 'મીની લ્હાસા' તરીકે ઓળખાય છે ?

(A) ધર્મશાલા (B) ચંબા

(C) ડેલહાઉસી (D) પંજપુલા

15 કયા દેશને અંગ્રેજો 'વ્રજ દાનવોની વિહારભૂમિ' તરીકે ઓળખાવતા હતા ?

(A) નેપાળ (B) ભૂતાન

(C) શ્રીલંકા (D) મ્યાનમાર

16 પશ્ચિમ બંગાળનું મુર્શિદાબાદ શાના માટે પ્રખ્યાત છે ?

(A) રેશમની મિલો (B) શણના માલ

(C) સુતરાઉ કાપડની મિલો (D) ઊનના માલ

17 તિરુઅનંતપૂરમ કયા રાજ્યની રાજધાની છે ?

(A) કર્ણાટક (B) કેરળ

(C) તામિલનાડુ (D) આંધ્રપ્રદેશ

18 ભારતના આયોજન પંચના અધ્યક્ષ ..............

(A) સંસદ દ્વારા નિમાય (B) રાષ્ટ્રપતિ દ્વારા નિમાય

(C) વડાપ્રધાન દ્વારા નિમાય (D) હોદ્દાની રૂએ વડાપ્રધાન બને

19 સુષ્મા સ્વરાજે નીચે પૈકી કયો હોદ્દો ધારણ કરેલ નથી ?

(A) હરિયાણામાં શિક્ષણ પ્રધાન (B) રાજ્યસભાના મેમ્બર

(C) વિદેશ પ્રધાન (D) માહિતી અને પ્રસારણ મંત્રી

20 રાજ્યના વિધાનમંડળના ગૃહની અથવા દરેક ગૃહની બેઠક બોલાવવાની સત્તા કોને છે ?

(A) સભાપતિ (B) અધ્યક્ષ

(C) રાજ્યપાલ (D) મુખ્યમંત્રી

21 ભારતની રાજનીતિ સંદર્ભે નીચેના પૈકી કઈ જોડી સાચી નથી ?

(A) મોરારજી દેસાઈ - પહેલાં નાયબ કલેક્ટર અને પછી વડાપ્રધાન

(B) સરદાર વલ્લભભાઈ પટેલ - પહેલાં વકીલાત અને પછી ભારતના ગૃહપ્રધાન

(C) હીરુભાઈ એમ. પટેલ - પહેલાં ભારત સરકારનાં નાણા સચિવ અને પછી નાણા પ્રધાન

(D) કનૈયાલાલ મુનશી - ભારત સરકારના પ્રધાન મંડળમાં રહ્યા અને પછી કર્ણાટકના રાજ્યપાલ બન્યા

22 ભારતીય બંધારણના અનુચ્છેદ 356 હેઠળ લાદવામાં આવતા રાષ્ટ્રપતિશાસનનો મહત્તમ સમય કેટલા વર્ષ સુધી હોઈ શકે ?

(A) 3 વર્ષ (B) $2\frac{1}{2}$ વર્ષ

(C) $1\frac{1}{2}$ વર્ષ (D) 1 વર્ષ

23 મહાભારતના કયા પર્વમાં રાજ્ય સંબંધે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે ?

(A) દ્રોણ પર્વ (B) સ્ત્રી પર્વ

(C) શાંતિ પર્વ (D) કર્ણ પર્વ

24 ભારતના બંધારણમાં ''સમાજવાદી'' શબ્દનો બંધારણના આમુખમાં ઉલ્લેખ થવા સંબંધમાં નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) ભારતીય બંધારણના આમુખમાં ''સમાજવાદી'' શબ્દ બંધારણ અમલમાં આવ્યું ત્યારથી અસ્તિત્વમાં હતો.

(B) ભારતીય બંધારણના આમુખમાં ''સમાજવાદી'' શબ્દ બંધારણના 42 મા સુધારાથી ઉમેરવામાં આવ્યો.

(C) ભારતીય બંધારણના આમુખમાં ''સમાજવાદી'' શબ્દ ઉમેરવામાં આવ્યો તે વખતે ભારતના વડાપ્રધાન તરીકે શ્રીમતી ઈન્દિરા ગાંધી હતા.

(D) ભારતીય બંધારણના આમુખમાં ''સમાજવાદી'' શબ્દ સને 1976માં સામેલ થયેલ છે.

25 દર વર્ષે ઊજવવામાં આવતો 'ગ્રાહક અધિકાર દિન' કઈ તારીખે હોય છે ?

(A) 15 માર્ચ (B) 12 ઑક્ટોબર

(C) 17 જુલાઈ (D) 23 ફેબ્રુઆરી

26 વાલ્મીકિ આંબેડકર આવાસ યોજના (VAMBAY) નો મુખ્ય ઉદ્દેશ શો છે ?

(A) ગ્રામીણ વિસ્તારોમાં ગરીબોની મકાનની જરૂરિયાત સંતોષે

(B) ગ્રામીણ વિસ્તારોમાં ગરીબોના મકાનની સમારકામની જરૂરિયાત સંતોષે

(C) શહેરી વિસ્તારોમાં ગરીબોની મકાનની જરૂરિયાત સંતોષે

(D) શહેરી વિસ્તારોમાં ગરીબોના મકાનમાં અન્ન પુરવઠાની જરૂરિયાત સંતોષે

27 ભારત સરકારે કઈ સાલમાં 'કેન્દ્રીય શ્રમિક શિક્ષા બોર્ડ'ની સ્થાપના કરી ?
(A) 1957 (B) 1958
(C) 1959 (D) 1960

28 બેન્કિંગ પ્રવૃત્તિ સાથે જોડાયેલો શબ્દ 'KYC' એટલે.....
(A) Knowledge of customer (B) Know your client
(C) Knowledge of client (D) Know your customer

29 રૂપિયાની નોટ પર કોની સહી હોય છે ?
(A) કેન્દ્રના નાણાપ્રધાનની (B) કેન્દ્રના નાણાસચિવની
(C) રિઝર્વ બૅંકના ગવર્નરની (D) રાષ્ટ્રપતિની

30 ભારતમાં ઉદ્યોગો માટે ઉદ્દારીકરણ (Liberalization)ની નીતિ ક્યારથી અમલમાં આવી ?
(A) 1950 (B) 1977
(C) 1991 (D) 2004

31 કેન્દ્ર સરકારે સને 2013-14ના નાણાકીય વર્ષ માટે કેટલો નિકાસ લક્ષ્યાંક જાહેર કર્યો છે ?
(A) 225 બિલિયન ડૉલર (B) 325 બિલિયન ડૉલર
(C) 425 બિલિયન ડૉલર (D) 275 બિલિયન ડૉલર

32 તાજેતરમાં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીના વાર્ષિક પદવીદાન સમારંભમાં કેમ્બ્રિજ ખાતે ભારતીય મૂળના કયા અર્થશાસ્ત્રીનું માનદ પદવી આપી સન્માન કરવામાં આવ્યું છે ?
(A) પ્રૉફેસર દાસગુપ્તા (B) અમર્ત્ય સેન
(C) મોન્ટેકસિંહ અહલુવાલીયા (D) બકુલ ધોળકીયા

33 ભારતના બંધારણનો અમલ ક્યારથી થયો ?
(A) 15 ઑગષ્ટ 1947 (B) 26 જાન્યુઆરી 1950
(C) 1952ની પ્રથમ ચૂંટણી પછી (D) 26 નવેમ્બર 1949

34 બંધારણની 370મી કલમ અનુસાર કયા રાજ્યને વિશિષ્ટ દરજ્જો પ્રાપ્ત થયો છે ?
(A) જમ્મુ અને કાશ્મીર (B) ગોવા
(C) ઝારખંડ (D) ઉત્તરાખંડ

35 ભારતની બંધારણ સભાના ચૂંટાયેલા અધ્યક્ષ કોણ હતા ?
(A) ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ (B) ડૉ. બાબાસાહેબ આંબેડકર
(C) ડૉ. ઝાકીર હુસેન (D) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ

36 બંધારણની કલમ 243-બ અનુસાર નગરપાલિકાઓના અધ્યક્ષના હોદ્દા, વિધાનમંડળ કાયદાથી જોગવાઈ કરે તેવી રીતે નીચેનામાંથી કોના માટે અનામત રાખવા જોઈએ નહીં ?

(A) અનુસૂચિત જાતિઓ
(B) અનુસૂચિત આદિજાતિઓ
(C) સ્ત્રીઓ
(D) માજી સૈનિકો

37 કોની સાથે વિચાર-વિનિમય કર્યા પછી રાષ્ટ્રપતિ કોઈ ન્યાયાધીશની એક ઉચ્ચ ન્યાયાલયમાંથી બીજા ઉચ્ચ ન્યાયાલયમાં બદલી કરી શકે છે ?

(A) મુખ્ય ન્યાયમૂર્તિ
(B) એટર્ની જનરલ
(C) વડાપ્રધાન
(D) ઉપરાષ્ટ્રપતિ

38 ભારતના નિયંત્રક - મહાલેખા પરીક્ષકની નિમણૂક કોણ કરે છે ?

(A) રાષ્ટ્રપતિ
(B) વડાપ્રધાન
(C) મુખ્ય ન્યાયમૂર્તિ
(D) એટર્ની જનરલ

39 ગુજરાતમાં દરિયાકિનારે નાના-મોટા કુલ કેટલાં બંદરો આવેલાં છે ?

(A) 35
(B) 40
(C) 38
(D) 45

40 નીચેનામાંથી કઈ તારીખે 'વિશ્વ વન દિવસ'ની ઊજવણી કરવામાં આવે છે ?

(A) 2જી માર્ચ
(B) 17મી જૂન
(C) 5મી જૂન
(D) 5મી જુલાઈ

41 સિંહ, દીપડા અને ચિંકારા માટેનું પાણિયા અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?

(A) દાહોદ
(B) નર્મદા
(C) ડાંગ
(D) અમરેલી

42 ટૉલેમીએ ગુજરાતની કઈ નદીનો મોફિસ (Mophis) તરીકે ઉલ્લેખ કર્યો છે ?

(A) નર્મદા
(B) તાપી
(C) મહી
(D) વિશ્વામિત્રી

43 કયા બંદરનો વહીવટ ગુજરાત સરકાર હસ્તક નથી ?

(A) પોરબંદર
(B) ભાવનગર
(C) કંડલા
(D) ઓખા

44 પહેલાં હાલાર તરીકે ઓળખાતો જિલ્લો હાલ કયા નામે ઓળખાય છે ?

(A) ભાવનગર
(B) જામનગર
(C) સુરેન્દ્રનગર
(D) જૂનાગઢ

45 ગુજરાત રાજ્યમાં મીઠાનું ઉત્પાદન કરતા જિલ્લાઓની નીચે દર્શાવેલી જોડીઓમાં કઈ જોડી સાચી નથી ?

(A) જામનગર, સાબરકાંઠા
(B) કચ્છ, સુરેન્દ્રનગર
(C) સુરેન્દ્રનગર, અમરેલી
(D) જામનગર, કચ્છ

46 કાપડ પરના અજરખ અને બાટીક કામ માટે ગુજરાતનો કયો પ્રદેશ જાણીતો છે ?

(A) ચરોતર
(B) કચ્છ
(C) સૌરાષ્ટ્ર
(D) ઉત્તર ગુજરાત

47 ગુજરાતના કૃષિક્ષેત્ર સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

(A) D.D.-II ઉપર 'કૃષિ દર્શન' કાર્યક્રમ પ્રસ્તુતિ
(B) કૃષિવિષયક માહિતી માટે હેલ્પલાઈન નં. 1551
(C) કાનમ પ્રદેશ ટૂંકા તારના ઉત્તમ કપાસ માટે જાણીતો
(D) કૃષિ સંબંધી સામયિક 'કૃષિજીવન' જી.એસ.એફ.સી. દ્વારા પ્રકાશિત

48 લીલા કણસલાનો રોગ નીચેના પૈકી કયા પાકને થતો હોય છે ?

(A) ઘઉં
(B) જુવાર
(C) બાજરી
(D) જવ

49 નીચે દર્શાવેલ વ્યક્તિઓને સામે દર્શાવેલ ઉદ્યોગો સાથે જોડતાં સાચો ક્રમ કયો થશે ?

| **વ્યક્તિ** | **ઉદ્યોગ** |
|---|---|
| (1) લવજી વાડિયા | (1) વહાણવટા |
| (2) કાસમ યુસુફ આગબોટવાલા | (2) ફિલ્મ |
| (3) ઈસ્માઈલ મર્ચન્ટ | (3) કાપડ ઉદ્યોગ |
| (4) ડૉ. વર્ગીસ કુરિયન | (4) જહાજ બનાવવા |
| | (5) ડેરી ઉદ્યોગ |

(A) (1)-(5), (2)-(3), (3)-(2), (4)-(1)
(B) (1)-(3), (2)-(5), (3)-(4), (4)-(2)
(C) (1)-(4), (2)-(1), (3)-(2), (4)-(5)
(D) (1)-(1), (2)-(2), (3)-(4), (4)-(5)

50 ગુજરાતમાં શાર્ક માછલીના તેલને શુદ્ધ કરવાની રિફાઈનરી ક્યાં બનાવવામાં આવી છે ?

(A) જાફરાબાદ
(B) ઓખા
(C) વેરાવળ
(D) ઉમરગાંવ

51 ગુજરાતમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ શરૂ કરાયેલ તે સ્થળ બારેજડી - ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

(A) અમદાવાદ જિલ્લો (B) ખેડા જિલ્લો

(C) વડોદરા જિલ્લો (D) આણંદ જિલ્લો

52 માટીકામના કસબ સંદર્ભે કઈ બાબત સાચી નથી ?

(A) માટીનાં વાસણો 'રાધિકડાં' 'ટેરાકોટા' તરીકે ઓળખાય છે.

(B) કચ્છના બુઢાચાચા ઉપરનાં રમકડાં પ્રખ્યાત થયાં છે.

(C) 46 કાંઠા આવડે તે પૂરો કારીગર ગણાય છે.

(D) શ્રી બાર્બરા બ્રાઉન અને જેન સેકટરે કચ્છી કુંભાર કલાકારો માટે કાર્ય કર્યું.

53 ગુજરાતના કોળિયાકમાં કયો મેળો ભરાય છે ?

(A) નીલકંઠ મહાદેવનો મેળો (B) માણેકપરી પૂનમનો મેળો

(C) શૂલપાણેશ્વરનો મેળો (D) નિષ્કલંક મહાદેવનો મેળો

54 ભૂંગો પ્રકારના રહેઠાણ કયા વિસ્તારમાં જોવા મળે છે ?

(A) કચ્છ (B) ડાંગ

(C) પંચમહાલ (D) બનાસકાંઠા

55 ભરતકામમાં ગણેશ સ્થાપનની કળા સંદર્ભે 'Ganesh Sthapan' નામે અંગ્રેજીમાં સચિત્ર પુસ્તક પ્રકાશિત કરનાર કોણ ?

(A) શ્રી ખોડીદાસભાઈ પરમાર (B) શ્રી કનૈયાલાલ મુનશી

(C) શ્રી એસ.એસ. હિતકારી (D) શ્રી કેપ્ટન મેકમર્ડો

56 બાળ સાહિત્યના સર્વશ્રેષ્ઠ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા કયું પારિતોષિક આપવામાં આવે છે ?

(A) કવિશ્રી ભાનુપ્રસાદ પંડ્યા પારિતોષિક

(B) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પારિતોષિક

(C) શ્રી નટવરલાલ માળવી પારિતોષિક

(D) શ્રી મહેન્દ્ર ભગત પારિતોષિક

57 'કિસ્સે સંજાણ'ની રચના કરનાર કોણ હતા ?

(A) શિરીન વજીફદાર (B) દસ્તૂરજી મહેરજી રાણા

(C) દસ્તૂર બહેરામ કેકોબાદે (D) સર ફિરોજશાહ મહેતા

58 કઈ નવલકથાના લેખક રમણલાલ વ. દેસાઈ છે ?
(A) પીળા રૂમાલની ગાંઠ (B) ભારેલો અગ્નિ
(C) ગુજરાતનો નાથ (D) મળેલા જીવ

59 રામાનંદ સાગર નિર્મિત ''રામાયણ'' સીરીયલમાં સીતાનું પાત્ર કોણે ભજવ્યું હતું ?
(A) દીપિકા ચીખલીયા (B) સરિતા જોષી
(C) સ્નેહલતા (D) ભાવના ચીખલીયા

60 નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસ કયો ?
(A) રાતદહાડો (B) રક્તપ્રવાહ
(C) ઘોડાગાડી (D) માથાબૂડ

61 'રે હસી હસીને રડી, ચડી ચડી પડી તું બાકી' - આ પંક્તિ કયા અલંકારનું ઉદાહરણ છે ?
(A) શબ્દાનુપ્રાસ (B) પ્રાસાનુપ્રાસ
(C) વર્ણાનુપ્રાસ (D) ઉત્પ્રેક્ષા

62 મ, સ, જ, સ, ત, ત, ગા બંધારણ કયા છંદનું છે ?
(A) શિખરિણી (B) શાર્દૂલવિક્રીડિત
(C) મંદાક્રાન્તા (D) ઝૂલણા

63 ''ચાતક ચકવા ચતુર નર નિશદિન રહે ઉદાસ
ખર ઘુવડ ને મૂર્ખ નર સુખે સુએ નિજવાસ''
ઉપરની પંક્તિઓ કયા અલંકારનું ઉદાહરણ છે ?
(A) વ્યાજસ્તુતિ (B) ઉત્પ્રેક્ષા
(C) ઉપમા (D) વર્ણાનુપ્રાસ

64 સંજ્ઞાના પ્રકારો દર્શાવતા નીચેના વિકલ્પો પૈકી કયો વિકલ્પ સાચો નથી ?
(A) ભાવવાચક સંજ્ઞા - મૃત્યુ, દિવસ, વિચાર
(B) જાતિવાચક સંજ્ઞા - શિક્ષક, ગાય, વૃક્ષ
(C) વ્યક્તિવાચક સંજ્ઞા - સૂર્ય, મંગળવાર, હિમાલય
(D) દ્રવ્યવાચક સંજ્ઞા - ભંડોળ, ટુકડી, ટોળું

65 નીચે દર્શાવેલા ગુજરાતી શબ્દો તથા તેના અર્થ પૈકીની કઈ જોડી ખોટી છે ?
(A) નિષ્કામ - ફળની ઇચ્છા વિનાનું
(B) દધિમંથન - દહીં વલોવવાની ક્રિયા
(C) પટકૂળ - રેશમી કે ઊંચી જાતનું વસ્ત્ર
(D) સપરમો દહાડો - અશુભ દિવસ (તહેવાર / ઉત્સવ ઊજવી ન શકાય તેવો દિવસ)

66 નિપાતના મુખ્ય પ્રકારમાં કયો જવાબ સાચો છે ?

(A) સમૂહવાચક નિપાત (B) ભાવવાચક નિપાત

(C) ભારવાચક નિપાત (D) જાતિવાચક નિપાત

67 Laughing ______ is not bad.

(A) its (B) it

(C) itself (D) that

68 My son is good ______ Maths.

(A) at (B) in

(C) into (D) to

69 નીચેના પૈકી કયો શબ્દ ખોટો છે ?

(A) CORRESPONDENCE (B) UNFORGATTABLE

(C) QUESTIONNAIRE (D) CHARACTERISTIC

70 નીચે ક્રમશઃ દર્શાવેલ વર્તમાનકાળ (મૂળ ક્રિયાપદ), ભૂતકાળ અને ભૂતકૃદંતનાં રૂપોની જોડીઓ પૈકીની કઈ જોડી સાચી નથી ?

(A) sing - sang - singed (B) wear - wore - worn

(C) bring - brought - brought (D) enjoy - enjoyed - enjoyed

71 નીચે દર્શાવેલી વિરુદ્ધાર્થી શબ્દોની જોડીઓ પૈકી કઈ જોડી ખોટી છે ?

(A) allow - forbid (B) barren - fertile

(C) curse - bless (D) live - dwell

72 નીચે દર્શાવેલા Active voice અને Passive voice ની જોડીવાળાં વાક્યોમાં કઈ જોડી ખોટી છે ?

(A) They will do it. - It will be done by them.

(B) She is writing an essay. - An essay is written by her.

(C) They threw him out. - He was thrown out by them.

(D) Please help me. - You are requested to help me.

73 Which part in the following sentence is incorrect ?
'Our company have received no complaint about the inferior quality of goods.'

(A) have received (B) the inferior quality

(C) no complaint (D) of the goods

74 સપ્તર્ષિ તારા જૂથમાં કયા તારાનો સમાવેશ થતો નથી ?

(A) અંગિરા (B) મૃગ

(C) પુલહ (D) ક્રતુ

75 આયુર્વેદાચાર્ય સુશ્રુતે કરેલ સર્જરીના વર્ગીકરણ મુજબ 'લેખ્યમ' અને 'વિશ્રાવ્યમ્'' શબ્દના અનુક્રમે અંગ્રેજી નામ શા થાય ?

(A) Incision, Suturing (B) Scarification, Evacuating fluids

(C) Probing, Puncturing (D) Excision, Extracting solid bodies

76 નીચેના પૈકી કયું પ્રાણી સંધિપાદી (Arthropoda) સમુદાયનું નથી ?

(A) ભરવાડ (B) રેતીકીડો

(C) જિંગા (D) પતંગિયું

77 ઉંદર મારવાની દવા બનાવવા નીચેનામાંથી ફોસ્ફરસનું કયું સંયોજન ઉપયોગી છે ?

(A) એલ્યુમિનિયમ ફોસ્ફાઇડ (B) મેગ્નેશિયમ ફોસ્ફાઇડ

(C) ઝિંક ફોસ્ફાઇડ (D) ફોસ્ફરસ પેન્ટૉક્સાઇડ

78 નિટીનોલ નામની મિશ્રધાતુ નીચેનામાંથી કયો ગુણધર્મ ધરાવે છે ?

(A) ડેટા યાદ રાખવાનો (B) ચિત્ર યાદ રાખવાનો

(C) માહિતીનો સંગ્રહ કરવાનો (D) આકાર યાદ રાખવાનો

79 વિસર્પી પ્રકાંડ ધરાવતી વનસ્પતિ કઈ છે ?

(A) ગુલછડી (B) બ્રાહ્મી

(C) દ્રાક્ષ (D) ગૂગળ

80 પેટ્રોલિયમનું વિભાગીય નિસ્યંદન કરતાં ડીઝલ કયા તાપમાને છૂટું પડે છે ?

(A) 120°C થી 180°C (B) 260°C થી 340°C

(C) 380°C થી 420°C (D) 440°C થી 510°C

81 પ્રાચીન ભારતનો કલિંગ પ્રદેશ એટલે હાલનું કયું રાજ્ય ?

(A) ઓરિસ્સા (B) બિહાર

(C) પશ્ચિમ બંગાળ (D) આંધ્ર પ્રદેશ

82 સ્વામી વિવેકાનંદ સંદર્ભે નીચેના પૈકી કઈ બાબત સાચી નથી ?

(A) માતાએ નામ વીરેશ્વર રાખ્યું હતું.

(B) ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરની શાળામાં શિક્ષણની શરૂઆત.

(C) પિતાના ધંધાને અંગે 1877માં રાયપુર ગયા.

(D) 1885માં શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રથમવાર મળ્યા.

83 ઈલોરાની ગુફાઓ સાથે કઈ બાબત સંબંધ ધરાવતી નથી ?

(A) કુલ 34 ગુફાઓ છે.

(B) ગુફા નં. 9, 19 અને 29 ચૈત્ય છે.

(C) ગુફા 1 થી 12 બૌદ્ધ ધર્મની છે.

(D) રાષ્ટ્રકૂટ વંશના સમયમાં ગુફા 30 થી 34નું બાંધકામ.

84 નીચે દર્શાવેલ વિધાનની બે ખાલી જગ્યાઓમાં સાચો વિકલ્પ કયો છે ?

''ઇતિહાસ એ એક ____________ વિજ્ઞાન છે અને તેનું કેન્દ્ર ____________ છે.

(A) મનોવિજ્ઞાન, યુદ્ધો

(B) તાર્કિક, રાજનીતિ

(C) કાલ્પનિક, ઘટનાઓ

(D) સામાજિક વિજ્ઞાન, માનવ

85 અગ્નિએશિયાના જે દેશોમાં ભારતીય સંસ્કૃતિનો પ્રસાર થયો તે દેશોનાં પ્રાચીન નામ અને તે પછીનાં નામોની નીચે જણાવેલી જોડીઓમાં કઈ જોડી સાચી નથી ?

(A) જાવા (યવદ્વીપ)

(B) સુમાત્રા (સુવર્ણદીપ)

(C) બર્મા (મ્યાનમાર)

(D) કમ્બોજ (બાલી)

86 નળાકારનો વ્યાસ અને ઊંચાઈ અનુક્રમે 14 સેમી અને 10 સેમી છે, તો કુલ પૃષ્ઠફળ કેટલા સેમી$^2$ થાય ?

(A) 44

(B) 308

(C) 748

(D) 1010

87 $\frac{4}{5}+\frac{2}{3}\div 1\frac{2}{3}\times\frac{6}{5}$ બરાબર કેટલા થાય ?

(A) $\frac{20}{25}$

(B) $\frac{32}{50}$

(C) $1\frac{7}{25}$

(D) $\frac{32}{26}$

88 અવલોકનોનો એક 'ડેટા' આપેલ છે. તેની સરેરાશ 84 છે. હવે જો દરેક અવલોકનમાં 3 ઉમેરીને 5 વડે ભાગીએ તો નવા સરેરાશનું મૂલ્ય કેટલું ?

(A) 17.4

(B) 8.4

(C) 87

(D) બદલાશે નહીં

89 નીચેની શ્રેણીમાં ? ની જગ્યાએ કઈ સંખ્યા આવે ?

50, 26, 14, ?, 5, 3.5

(A) 6 (B) 8

(C) 10 (D) 12

90 $4^3 \div 2^4 \times 3 =$ ________

(A) 15 (B) 16

(C) 14 (D) 12

91 નીચેના ચોરસના ? ખાનામાં શો જવાબ (અંક) આવે ?

| | | |
|---|---|---|
| 3 | 6 | 7 |
| 9 | 18 | 21 |
| 27 | 54 | ? |
| 81 | 162 | 189 |

(A) 58 (B) 90

(C) 63 (D) 55

92 જો BOY = 42 તથા GIRL = 46 હોય તો MOTER = કેટલા થાય ?

(A) 68 (B) 88

(C) 79 (D) 78

93 નીચેનામાં અસંગત શું છે ?

(A) દહીં (B) માખણ

(C) તેલ (D) ચીઝ

94 દોડની સ્પર્ધામાં ઉષાથી કામીની 27 ડગલાં દૂર છે. હવે જ્યારે ઉષા 5 ડગલાં દોડે છે તેટલી વારમાં કામીની 8 ડગલાં દોડે છે, પણ ઉષાનાં 2 ડગલાં કામીનીના 5 ડગલાં બરાબર છે. તો ઉષા કયા ડગલે કામીનીને પકડી શકે ?

(A) 30મા ડગલે (B) 23મા ડગલે

(C) 32મા ડગલે (D) 40મા ડગલે

95 જો give me book = 220 હોય, send me letter = 440 હોય, read the book = 400 હોય તો write me letter = કેટલા થાય ?

(A) 360 (B) 840

(C) 420 (D) 480

96 ભારતીય ખેલાડીઓ અને ખેલની નીચે દર્શાવેલ જોડીઓમાં કઈ જોડી સાચી નથી ?


(A) મીલ્ખાસીંગ અને પી.ટી. ઉષા - દોડ

(B) મેજર ધ્યાનચંદ અને અશોકકુમાર - હૉકી

(C) વિશ્વનાથ આનંદ અને ગીત શેઠી - બિલિયર્ડ

(D) કરસન ઘાવરી અને અંશુમાન ગાયકવાડ - ક્રિકેટ

97 ઑલિમ્પિક રમતોનાં પ્રતીક 'The Olympic Rings' માંનાં પાંચ વર્તુળો



ના રંગનો ક્રમ દર્શાવતી નીચેના પૈકી કઈ જોડી સાચી છે ?

(A) લીલો, લાલ, વાદળી, પીળો અને કાળો

(B) વાદળી, લાલ, કાળો, પીળો અને લીલો

(C) વાદળી, લીલો, પીળો, કાળો અને લાલ

(D) વાદળી, પીળો, કાળો, લીલો અને લાલ

98 ફ્રાન્સની આંતરરાષ્ટ્રીય શતરંજ (ચેસ) ટુર્નામેન્ટ (માર્ચ 2013)માં ભારતના 31મા ગ્રાન્ડ માસ્ટર થનાર ખેલાડી કોણ છે ?

(A) અક્ષયરાજ કોરે

(B) વૈભવ સૂરી

(C) તેજસ બાકરે

(D) વિશ્વનાથ આનંદ

99 નીચેના પૈકી કયા મહાનુભાવનું નામ વ્યાયામ પ્રવૃત્તિ સાથે જોડાયેલું છે ?

(A) ઈન્દુલાલ યાજ્ઞિક

(B) અંબુભાઈ પુરાણી

(C) અરદેશર ખબરદાર

(D) રવિશંકર રાવળ

100 તાજેતરમાં યોજાયેલી પંદરમી 'એશિયન યુથ વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપ' સ્પર્ધામાં નીચેના પૈકી કયા ખેલાડીએ ત્રણ સુવર્ણચંદ્રક મેળવ્યા છે ?

(A) અજય ગાયકવાડ

(B) અનન્યા ગુપ્તા

(C) પ્રીતિ બેનીવાલ

(D) અક્ષય ગાયકવાડ

સંયુક્ત સંચાલક કમિશનર અને મદદનીશ સંચાલક કમિશનર
વર્ગ-૨ ના સંયુક્ત ... તા. ૧૩-૪-૦૮

This Question Booklet Contains 16 Printed Pages

# A

# VWJ

PAPER-II

BOOKLET SR. NO. 189

સમય : 50 મિનિટ Time : 50 Minutes

કુલ પ્રશ્નો : 100 Total Que. : 100

કુલ ગુણ : 200 Total Marks : 200

**ઉમેદવારનો સીટ નંબર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

## ઉમેદવારોને સૂચના

(01) આ પ્રશ્નપુસ્તિકામાં કુલ **100** પ્રશ્નો છે. દરેકના સરખા ગુણ છે. બધા પ્રશ્નોના જવાબ આપો. તમારા કુલ ગુણનો આધાર તમે જેટલા સાચા ઉત્તરો આપ્યા હશે તેની સંખ્યા ઉપર રહેશે.

(02) **1થી 100 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની પ્રથમ ખાતરી કરી લો: જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય (Missing) તો તુરત જ પ્રશ્નપુસ્તિકા નિરીક્ષક પાસેથી અચુક બદલાવી લેવી.**

(03) **આ પાના ઉપર આપનો બેઠક નંબર લખો.**

(04) **આપ કોઈના ઉત્તરની નકલ કરશો નહિ, તેમજ આપના ઉત્તરની નકલ કરવા દેશો નહિ.**

(05) પરીક્ષાર્થીઓને પરીક્ષાખંડ/હૉલમાં, પ્રવેશપત્ર સિવાય કોઈ પણ પ્રકારના હસ્તલિખિત, છાપેલ પુસ્તક કે કાગળની ચિઠ્ઠી, પેપર, મોબાઈલ-સેલ ફોન કે કોઈ પણ પ્રકારના ઈલેક્ટ્રોનિક સાધનો લઈ જવાની કે ઉપયોગ કરવાની અનુમતિ નથી.

(06) પ્રશ્નોના જવાબો અલગ જવાબવહીમાં આપવાના રહેશે. જેને માટે નિરીક્ષક દ્વારા આપને **કોમ્પ્યુટરાઈઝ્ડ ખાસ પ્રકારની જવાબવહી** આપવામાં આવશે. ઉમેદવારને જવાબવહી મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો ઉમેદવાર ફોજદારી ગુનાને પાત્ર બનશે. સૌ પ્રથમ આપે જવાબવહી ઉપર દર્શાવેલ નિયત ખાનામાં (English) અંગ્રેજીમાં પરીક્ષાનું નામ, પરીક્ષાની તારીખ, કેન્દ્ર, જન્મતારીખ, પરીક્ષાર્થીનું નામ (અટક પહેલાં લખવી), રોલ નંબર (બેઠક નંબર) તથા વિષય ફક્ત ભૂરી (Blue) અથવા કાળી (Black) શાહીની બોલપેનથી (English) અંગ્રેજીમાં લખીને નિયત ખાનામાં પોતાની સહી કરવાની રહેશે. આ વિગતોની ચકાસણી બાદ નિરીક્ષક તેમની સહી કરશે. જો વિગતો ભરવામાં નહિ આવે તો આપની જવાબવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહિ અને શૂન્ય ગુણ આપવામાં આવશે. **જવાબવહીના પાછળના ભાગમાં રોલ નંબર (બેઠક નંબર), પ્રશ્નપુસ્તિકા સીરીઝ અને પ્રશ્નપુસ્તિકા નંબરના ખાનામાં લાગુ પડતી સાચી વિગતો ફક્ત ભૂરી અથવા કાળી શાહીની બોલપેનથી જ વર્તુળ પૂરેપૂરું ડાર્ક કરીને (encode) કરીને આપવી.**

(07) આ પ્રશ્નપત્રના બધા પ્રશ્નો હેતુલક્ષી છે. દરેક પ્રશ્નના ઉત્તરમાં **A, B, C, D** વિકલ્પો આપેલા છે. તેમાંથી સાચો વિકલ્પ શોધી જવાબવહીમાં સંબંધિત પ્રશ્નના ક્રમ નીચે આપેલ **A, B, C કે D**ના વર્તુળને **પૂરેપૂરુ ભૂરી/કાળી શાહીની બોલપેનથી ડાર્ક કરવું. આ સિવાયની કોઈ પણ કલરની શાહીની બોલપેનથી જવાબો આપ્યા હશે તે જવાબવહી તપાસવામાં આવશે નહિ અને આપોઆપ "શૂન્ય" ગુણ આપવામાં આવશે. એકવાર ડાર્ક કરેલ જવાબને બદલી શકાશે નહિ.**

ઉદાહરણ તરીકે :

ભારતનું કયું રાજ્ય સૌથી લાંબો દરિયા કિનારો ધરાવે છે ?

(A) (B) ● (D)

(A) મહારાષ્ટ્ર (B) તામિલનાડુ

(C) ગુજરાત (D) આંધ્રપ્રદેશ

આ ઉદાહરણમાં સાચો જવાબ **(C)** છે. આથી **(C)**નું વર્તુળ ડાર્ક **(encode)** કરેલ છે. ઉમેદવારોએ જવાબમાં **"ગુજરાત"** લખવું નહિ.

(08) એક જ પ્રશ્ન માટે જો જવાબવહીમાં એકથી વધુ વિકલ્પ આપે આપેલા હશે તો તે જવાબ માટે ગુણ આપવામાં આવશે નહિ.

(09) **આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી.** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફકામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહિ. જવાબવહીમાં કંઈ પણ રફવર્ક કરવું નહિ. **પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.**

(10) પ્રશ્નપુસ્તિકાના કોઈ પૃષ્ઠ ફાડવાં કે જુદાં કરવાની મનાઈ છે.

(11) **પરીક્ષાખંડ છોડતા પૂર્વે જવાબવહી (OMR Answer Sheet) નિરીક્ષકને સોંપવી, જ્યારે પ્રશ્નપુસ્તિકા ઉમેદવારો લઈ જઈ શકશે.**

(12) આ સૂચનાઓના અનાદર માટે ઉમેદવાર સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.


૬૨

1 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ 1950 હેઠળ કોર્ટ એટલે

(A) વડી અદાલત (B) સ્મોલ કોઝ કોર્ટ

(C) સિવિલ જજની કોર્ટ (D) ઉપરોક્ત પૈકી કોઈ પણ નહીં

2 નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) જે વ્યક્તિઓના લાભ માટે સાર્વજનિક ટ્રસ્ટ કરવામાં આવ્યું હોય તે અનિશ્ચિત છે અથવા નિશ્ચિત થઈ શકે એમ નથી એના કારણે જ ટ્રસ્ટ રદબાતલ ગણાશે.

(B) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરના નિર્ણય / હુકમ ઉપર અપીલ જિલ્લા કોર્ટમાં થઈ શકે

(C) ઉપરોક્ત (A) અને (B)

(D) ચેરિટી કમિશનરની નિમણૂક રાજ્ય સરકાર કરે છે.

3 ટ્રસ્ટની નોંધણી માટે તપાસ પૂરી થયે નિર્ણય કરવાની સત્તા કોને છે ?

(A) ચેરિટી કમિશનર (B) નાયબ ચેરિટી કમિશનર

(C) સંયુક્ત ચેરિટી કમિશનર (D) રાજ્ય સરકારને

4 વિલથી કરેલું હોય એવા સાર્વજનિક ટ્રસ્ટની બાબતમાં, તે વિલના એકઝીક્યુટને વિલનું પ્રોબેટ જે તારીખે મળે ત્યારથી કેટલા સમયમાં નોંધણી માટે અરજી કરવી જોઈએ ?

(A) એક મહિનામાં (B) છ મહિનામાં

(C) એક વર્ષમાં (D) કોઈ સમય મર્યાદા નથી

5 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950ની કલમ-40 અન્વયે નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) યોગ્ય હકૂમત ધરાવતી કોર્ટ અથવા ટ્રસ્ટ કરનાર, ચેરિટી કમિશનરને કોઈ સાર્વજનિક ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે કામ કરવા નીમી શકે

(B) ચેરિટી કમિશનર એક માત્ર ટ્રસ્ટી બનશે અને બીજી વ્યક્તિઓ સાથે તેને ટ્રસ્ટી તરીકે નીમવામાં આવે તે કાયદેસર ગણાશે

(C) ચેરિટી કમિશનર એક માત્ર ટ્રસ્ટી બનશે અને બીજી વ્યક્તિઓ સાથે તેને ટ્રસ્ટી તરીકે નીમવામાં આવે તો કાયદેસર ગણાશે નહીં.

(D) ઉપરોક્ત (A) અને (C)

6 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 અમલમાં આવ્યા પછી સ્થપાયેલા ટ્રસ્ટની નોંધણી કેટલા સમયમાં કરાવવી જરૂરી છે ?

(A) ત્રણ માસમાં (B) છ માસમાં

(C) એક વર્ષમાં (D) સમય મર્યાદા નથી

7 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ રાજ્ય સરકાર નીચેના પૈકીમાંથી કોની નિમણૂક કરી શકે ?

(A) ચેરિટી કમિશનર (B) સંયુક્ત ચેરિટી કમિશનરો

(C) મદદનીશ ચેરિટી કમિશનર (D) ઉપરોક્ત તમામની

8 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ સખાવતી હેતુમાં નીચે પૈકીની કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(A) ગરીબી અથવા દુઃખ નિવારણ (B) શિક્ષણ

(C) તબીબી મદદ (D) ઉપરોક્ત તમામ બાબતો

9 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950ની કલમ - 51 અન્વયે, દાવો માંડવા માટે ચેરિટી કમિશનર સંમતિ આપવાની ના પાડે, તો તેની સામે અપીલ ક્યાં થઈ શકશે ?

(A) મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલ અધિનિયમ, 1939 હેઠળ રચેલી મુંબઈ મહેસૂલ ટ્રિબ્યુનલમાં

(B) જિલ્લા અદાલતમાં

(C) સંબંધિત રાજ્યની વડી અદાલતમાં

(D) ઉપરોક્ત (B) અને (C)માંથી કોઈ પણ જગ્યાએ

10 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ નીમેલા, નીચેના પૈકી કોણ, રાજ્યના સેવકો ગણાશે ?

(A) ચેરિટી કમિશનર (B) મદદનીશ ચેરિટી કમિશનર

(C) એસેસરો (D) ઉપરોક્ત તમામ

11 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950ની કલમ 83 હેઠળ શિક્ષાપાત્ર ગુના માટે કોઈ ફોજદારી કાર્યવાહી કરતાં પહેલાં કોની સંમતિ મેળવવી જરૂરી છે ?

(A) રાજ્ય સરકારની (B) ચેરિટી કમિશનરની

(C) કલેક્ટરની (D) સંમતિ મેળવવાની જરૂર નથી

12 મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, 1950 હેઠળ એસેસરોની યાદી તૈયાર કરવાની જવાબદારી કોની છે ?

(A) રાજ્ય સરકારની

(B) ચેરિટી કમિશનરની

(C) નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની

(D) જિલ્લા કલેક્ટરની

13 નોંધાયેલા દરેક સાર્વજનિક ટ્રસ્ટોના ચોપડા, સૂચિઓ અને બીજાં રજિસ્ટરો રાખવાની ફરજ કોની છે ?

(A) ઈન્ચાર્જ નાયબ અથવા મદદનીશ ચેરિટી કમિશનરની

(B) ચેરિટી કમિશનરની

(C) ઈન્સ્પેક્ટરની

(D) હિસાબી નિયામકની

14 નાયબ ચેરિટી કમિશનરની નિમણૂક માટે એડવોકેટ તરીકે ઓછામાં ઓછાં કેટલાં વર્ષ માટે નોંધાયેલ હોવા જોઈએ ?

(A) 15 વર્ષ (B) 10 વર્ષ

(C) 8 વર્ષ (D) 5 વર્ષ

15 સાર્વજનિક ટ્રસ્ટની સ્થાવર મિલકત તબદીલ કરવા બાબત, અગાઉથી કોની મંજૂરી મેળવવી જરૂરી છે ?

(A) સરકારશ્રીની (B) નાયબ ચેરિટી કમિશનરની

(C) ચેરિટી કમિશનરની (D) મદદનીશ ચેરિટી કમિશનરની

16 સને 1860ના સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ હેઠળ નોંધાયેલ સોસાયટીના ઉદ્દેશમાં ફેરફાર કરવા માટે વહીવટી મંડળે કઈ સભા (મિટિંગ) બોલાવવી પડે ?

(A) સભ્યોની ખાસ સભા (B) વહીવટી મંડળની ખાસ સભા
(C) સભ્યોની વાર્ષિક સભા (D) સભ્યોની સામાન્ય સભા

17 સોસાયટીના નિયમોમાં કરેલા દરેક ફેરફારની એક નકલ, એવો ફેરફાર કર્યાના કેટલા દિવસની અંદર રજિસ્ટ્રારને મોકલવી જોઈએ ?

(A) સાત દિવસમાં (B) ચૌદ દિવસમાં
(C) ત્રીસ દિવસમાં (D) કોઈ સમય મર્યાદા નથી

18 નોંધાયેલ સોસાયટીના વિસર્જન માટે મંડળીના કેટલી સંખ્યાના સભ્યોએ મતદાન દ્વારા ઠરાવ કરેલો હોવો જોઈએ ?

(A) મંડળીના $\frac{1}{4}$થી ઓછી નહીં એટલી સંખ્યાના

(B) મંડળીના $\frac{3}{5}$થી ઓછી નહીં એટલી સંખ્યાના

(C) મંડળીના $\frac{3}{4}$થી ઓછી નહીં એટલી સંખ્યાના

(D) મંડળીના $\frac{2}{3}$થી ઓછી નહીં એટલી સંખ્યાના

19 સને 1860ના સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ અન્વયે મદદનીશ રજિસ્ટ્રારોની નિયુક્તિ કોણ કરે છે ?

(A) રજિસ્ટ્રાર (B) ચેરિટી કમિશનર
(C) રાજ્ય સરકાર (D) જિલ્લા કલેક્ટર

20 નોંધાયેલ સોસાયટીના એક સભ્ય તરીકે જો રાજ્ય સરકાર હોય તો, સોસાયટીના વિસર્જનના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) આવી સોસાયટીનું વિસર્જન થઈ શકે નહીં
(B) આવી સોસાયટીનું વિસર્જન થઈ શકે
(C) રાજ્ય સરકારની સંમતિ વિના સોસાયટીનું વિસર્જન કરી શકાય નહિ
(D) રાજ્ય સરકારની સંમતિની જરૂર નથી.

21 નોંધાયેલ સોસાયટીના નિયમોમાં જણાવેલ સભા બોલાવવાની, નક્કી કરેલ તારીખના કેટલા દિવસ અગાઉ, સભ્યોને જાણ કરવી જોઈએ ?

(A) સાત દિવસ (B) દસ દિવસ
(C) પંદર દિવસ (D) એકવીસ દિવસ

22 સને 1860ના સોસાયટી રજિસ્ટ્રેશન ઍક્ટ હેઠળ સોસાયટીની રચના કરવા માટે ઓછામાં ઓછી કેટલી વ્યક્તિઓ આવશ્યક છે ?

(A) પાંચ (B) સાત
(C) દશ (D) કોઈ મર્યાદા નથી

23 C.P.C.ની કલમ 35 અન્વયે ખર્ચની જોગવાઈના સંદર્ભમાં કયું વિધાન ખોટું છે ?
(A) જો વાદીએ દાવો લાવવામાં ખૂબ જ ઢીલ કરેલ હોય અને તે દાવામાં વાદી સફળ થાય તો પણ અદાલત તેને ખર્ચ આપવાનો ઈન્કાર કરી શકે.
(B) જો વાદી દાવામાં અંશતઃ સફળતા મેળવે અને મહત્ત્વની બાબતોમાં હારી જાય તો અદાલત વાદીની તરફેણમાં ખર્ચ ચૂકવવાનો હુકમ કરી શકે
(C) જો વાદીએ માગેલ દાદ તેને પૂરેપૂરી ન મળે અને છતાં મહત્ત્વની બાબતોમાં તેની જીત થાય તો તેને ખર્ચ મળવું જોઈએ.
(D) ઉપરોક્ત (A) અને (C)

24 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) પ્રતિરોધનો સિદ્ધાંત પક્ષકારના કૃત્યનું પરિણામ છે
(B) પ્રતિરોધનો સિદ્ધાંત, જે વ્યક્તિએ અગાઉ નિવેદન કે વર્તન કરેલ હોય તે વ્યક્તિને જ લાગુ પડે છે
(C) પૂર્વનિર્ણીતવાદનો સિદ્ધાંત અદાલતના નિર્ણયમાંથી પરિણમે છે.
(D) ઉપરોક્ત તમામ વિધાનો

25 નીચેના પૈકી કયા દાવા દીવાની પ્રકારના છે ?
(A) કરારભંગ બદલ વળતરના દાવાઓ.
(B) મંદિર અને અન્ય ધાર્મિક મિલકત સંબંધી દાવાઓ
(C) વિશિષ્ટદાદ, મનાઈહુકમ અને જ્ઞાપનના દાવાઓ
(D) ઉપરોક્ત તમામ દાવાઓ

26 નીચેની પૈકી કઈ બાબતમાં C.P.C.ની કલમ-10 હેઠળ દાવો સ્થગિત કરવાની જોગવાઈ લાગુ પડતી નથી ?
(A) બંને દાવાઓમાં મુદ્દાની બાબત મહત્ત્વની રીતે સમાન હોવી જોઈએ
(B) જ્યારે પ્રથમ દાવો વિદેશી અદાલતમાં ચાલુ હોય અને બીજો દાવો ભારતની અદાલતમાં કરવામાં આવે ત્યારે
(C) બંને દાવાઓ તે જ પક્ષકારો અથવા તેમના પ્રતિનિધિઓ વચ્ચે હોવા જોઈએ
(D) બંને દાવાઓમાં પક્ષકારોએ એક જ હેસિયતથી દાવો કરેલો હોવો જોઈએ

27 C.P.C.ના સંદર્ભમાં કયું વિધાન સાચું છે ?
(A) રીવ્યુની સત્તા કોઈ પણ અદાલતને હોય છે, જ્યારે રિવિઝનની સત્તા હાઈકોર્ટને જ છે.
(B) જે કેસમાં અપીલ કરવાની જોગવાઈ હોય તે કેસમાં રિવિઝન અરજી કરી શકાય
(C) રિવિઝનમાં હાઈકોર્ટ પક્ષકારની અરજી વગર અધીનસ્થ અદાલતનું રેકર્ડ મંગાવી શકે નહિ.
(D) ઉપરોક્ત (B) અને (C).

28 જે અદાલતમાં દાવો દાખલ કરવામાં આવ્યો હોય તે અદાલત વાદીને તે દાવા અરજી પાછી ક્યારે સોંપશે ?
(A) જ્યારે દાવા અરજીમાં દાવાનું કારણ ન હોય
(B) અદાલતને એમ લાગે કે તેને તે દાવો ચલાવવાની હકૂમત નથી
(C) જ્યારે દાવો ઓછા સ્ટેમ્પવાળા પેપર પર લખવામાં આવેલ હોય
(D) જ્યારે દાદની કિંમત ઓછી આંકવામાં આવી હોય

29 નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?
(A) પૂર્વનિર્ણીતવાદનો સિદ્ધાંત જાહેર નીતિનો સિદ્ધાંત છે.
(B) પ્રતિરોધનો સિદ્ધાંત સમન્યાયનો સિદ્ધાંત છે.
(C) પૂર્વનિર્ણીતવાદનો સિદ્ધાંત માત્ર વાદીને લાગુ પડે છે.
(D) ઉપરોક્ત (A) અને (B).

30 C.P.C.ની કલમ-34 અન્વયે કયા પ્રકારના વ્યાજની જોગવાઈ કરવામાં આવી છે ?
(A) મુદ્દલ રકમ પર દાવાની તારીખ સુધીનું વ્યાજ
(B) દાવામાં મંજૂર થયેલ મુદ્દલ રકમ પર દાવાની તારીખથી હુકમનામાની તારીખ સુધી વાજબી દરે વ્યાજ
(C) હુકમનામાની તારીખથી મુદ્દલ રકમ ભરપાઈ થયાની કે તેનાથી અગાઉની તારીખ સુધી વાર્ષિક 6 ટકાથી વધારે નહિ તેટલા દરે વ્યાજ
(D) ઉપરોક્ત બધા જ પ્રકારો

31 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) અધિકારો અને મિલકત અંગેના દાવાઓ દીવાની પ્રકારના દાવા છે.
(B) પૂર્વનિર્ણીતવાદના સિદ્ધાંતનો હેતુ દાવાદૂવીને રક્ષણ આપવાનો નહિ, પરંતુ તેનો અંત લાવવાનો છે.
(C) અધિનસ્થ અદાલતને હકૂમત હોવા છતાં તેનો ઉપયોગ ન કર્યો હોય તો તે કારણસર વડીઅદાલતમાં રિવિઝન અરજી થઈ શકે.
(D) ઉપરોક્ત તમામ.

32 પક્ષનિવેદનોની વિગતોના સંદર્ભમાં કયું વિધાન ખોટું છે ?
(A) માત્ર હકીકતો જણાવો, કાયદો નહિ
(B) દસ્તાવેજની તમામ વિગતો આપવાનું જરૂરી નથી
(C) પૂર્વવર્તી શરતના પાલનની હકીકત જણાવવાનું જરૂરી છે.
(D) ઉપરોક્ત (A) અને (B).

33 હુકમનામા સામે અપીલ કોણ કરી શકે ?
(A) દાવાના જે પક્ષકારને હુકમનામાથી વિપરીત અસર થઈ હોય તે પક્ષકાર
(B) દાવાના પક્ષકારનું મૃત્યુ થયું હોય તો, તેના કાયદેસરના પ્રતિનિધિઓ
(C) જો છળના કારણસર અદાલત, હુકમનામાની બજવણીમાં થયેલ વેચાણ રદ કરવાનો હુકમ કરે તો, ખરીદનાર
(D) ઉપરોક્ત તમામ

34 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) બંધારણના અનુચ્છેદ-12 અન્વયે 'રાજ્ય'માં સંસદનો સમાવેશ થાય છે.
(B) આપણા દેશનું નામ ઈન્ડિયા એટલે કે ભારત છે, એવું બંધારણમાં લખવામાં આવ્યું છે.
(C) મૂળભૂત અધિકારના રક્ષણ માટે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચમાં રીટ થઈ શકે.
(D) ઉપરોક્ત (A) અને (B).

35 અનુચ્છેદ-15 (1)માં કોઈ નાગરિકની સામે રાજ્ય ભેદભાવ કરી શકશે નહિ.
(A) ફક્ત ધર્મ અને જાતિનાં કારણે
(B) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ અને લિંગનાં કારણે
(C) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ અને જન્મસ્થળનાં કારણે
(D) ફક્ત ધર્મ, જાતિ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાન અથવા એમાંનાં કોઈ કારણે

36 42મા બંધારણીય સુધારાથી આમુખમાં કયા શબ્દો ઉમેરવામાં આવ્યા છે ?

(A) સમાજવાદી (B) બિનસાંપ્રદાયિક

(C) પ્રજાસત્તાક (D) ઉપરોક્ત (A) અને (B)

37 અનુચ્છેદ-13 અન્વયે 'કાયદો' શબ્દમાં શેનો સમાવેશ થાય છે ?

(A) નિયમ (B) નિયમનો

(C) નોટિફિકેશન (D) ઉપરોક્ત તમામ

38 સમન્સ કેસને વોરંટ કેસમાં બદલવાની અદાલતની સત્તાના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) જે ગુનાના સંબંધમાં સમન્સ કેસને વોરંટ કેસમાં બદલવામાં આવે તે કેસમાં, છ માસથી વધારે સમય માટે કેદની સજા થઈ શકતી હોવી જોઈએ.

(B) સમન્સ કેસની કાર્યવાહી દરમિયાન જે સાક્ષીની તપાસ થઈ ગયેલ હોય તે સાક્ષીને ફરીથી પાછો બોલાવી શકે.

(C) ઉપરોક્ત (A) અને (B)

(D) કોઈ પણ વિધાન સાચું નથી.

39 Cr.P.C.ની કલમ - 249 અન્વયે આરોપીને બિનતહોમત છોડવા માટેની અનિવાર્ય શરતો કઈ છે ?

(A) ખાનગી ફરિયાદ પરથી કાર્યવાહી શરૂ થયેલી હોવી જોઈએ.

(B) કેસની ઈન્સાફી કાર્યવાહીના દિવસે ફરિયાદી ગેરહાજર હોવાં જોઈએ.

(C) ફરિયાદ અનિગૃહણીય (Non-Cognizable) ગુનાની હોવી જોઈએ.

(D) ઉપરોક્ત તમામ શરતો.

40 નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) પોલીસ રિપોર્ટ ઉપરથી વૉરંટ કેસની ઈન્સાફી કાર્યવાહી માટે આરોપી મેજિસ્ટ્રેટ સમક્ષ ઉપસ્થિત થાય ત્યારે, કાર્યવાહી શરૂ કરતાં પહેલાં, તેને F.I.R.ની નકલ આપવાની રહેશે.

(B) વૉરંટ કેસની કાર્યવાહી અટકાવવાની અદાલતને સત્તા છે.

(C) સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી કરવા હાઈકોર્ટ ફર્સ્ટ ક્લાસ મેજિસ્ટ્રેટને સત્તા આપી શકે.

(D) ઉપરોક્ત (A) અને (C).

41 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં અદાલત સમન્સ કેસની કાર્યવાહી અપનાવે છે.

(B) સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં ત્રણ માસથી વધારે કેદની સજા થઈ શકશે નહીં.

(C) ઉપરોક્ત બન્ને (A) અને (B).

(D) ઉપરોક્ત કોઈ પણ વિધાન સાચું નથી.

42 રાજ્યવડે નિભાવાતી કે રાજ્યના નાણાંમાંથી સહાય મેળવતી કોઈ શૈક્ષણિક સંસ્થામાં કયા કારણે, નાગરિકને પ્રવેશનો ઈન્કાર કરી શકાય નહીં ?

(A) ધર્મ (B) જાતિ

(C) જ્ઞાતિ (D) ઉપરોક્ત કોઈ કારણસર

43 ભારત 'પ્રજાસત્તાક' છે, કારણ કે ________

(A) તે સાર્વભૌમ રાજ્ય છે.

(B) તે લોકશાહી રાજ્ય છે.

(C) રાજ્યના વડાને નિશ્ચિત મુદત માટે ચૂંટવામાં આવે છે.

(D) રાજ્યમાં દર પાંચ વર્ષે ચૂંટણીઓ યોજાય છે.

44 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) બંધારણના અનુચ્છેદ - 14 અન્વયે, કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણનો હક ભારતની સીમામાં કોઈ પણ વ્યક્તિને મળે છે.

(B) ભારતનું બંધારણ 26મી જાન્યુઆરી 1950ના રોજ અમલમાં આવ્યું.

(C) પ્રખર ન્યાયવિદ્‌ની ભારતની સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ તરીકે નિમણૂક થઈ શકે છે.

(D) ઉપરોક્ત બધા જ વિધાનો.

45 રાજ્યના વિધાન ગૃહમાં ________ના કાર્યની ચર્ચા / ટીકા થઈ શકે નહિ.

(A) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ

(B) વડી અદાલતના ન્યાયમૂર્તિ

(C) સર્વોચ્ચ અદાલતના કે વડી અદાલતના ન્યાયમૂર્તિ

(D) ડિસ્ટ્રિક્ટ જજ

46 ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે અદાલત ________

(A) દસ્તાવેજી પુરાવો ધ્યાનમાં લઈ શકે.

(B) સાચો મૌખિક પુરાવો ધ્યાનમાં લઈ શકે.

(C) નિષ્ણાતના અભિપ્રાયનો પુરાવો ધ્યાનમાં લઈ શકે.

(D) ઉપરોક્ત તમામ પુરાવા ધ્યાનમાં લઈ શકે.

47 ભારતનું બંધારણ કયા દિવસે અંગીકૃત કરવામાં આવ્યું ?

(A) 15મી ઑગસ્ટ, 1947ના દિવસે

(B) 26મી નવેમ્બર, 1949ના દિવસે

(C) 26મી જાન્યુઆરી, 1950ના દિવસે

(D) 26મી જાન્યુઆરી, 1949ના દિવસે

48 ''બંધારણના પાયાના માળખાને નુકસાન થાય તેવા સુધારા સંસદ કરી શકે નહીં'' - આ સિદ્ધાંત સૌ પ્રથમ વખત કયા કેસમાં પ્રસ્થાપિત થયો ?

(A) માનેકા ગાંધી વિ. યુનિયન ઑફ ઈન્ડિયા

(B) કેશવાનંદ ભારતી વિ. કેરાલા રાજ્ય

(C) મિનરવા મિલ્સ વિ. યુનિયન ઑફ ઈન્ડિયા

(D) એ.ડી.એમ.જબલપુર વિ. શિવકાન્ત શુક્લ

49 મૂળભૂત ફરજોનું પાલન કરવાની જવાબદારી કોની છે ?

(A) દરેક વ્યક્તિની (B) ભારતના દરેક નાગરિકની

(C) દરેક રાજ્યોની (D) દરેક વ્યક્તિ તેમજ દરેક નાગરિકની

50 મૂળભૂત અધિકારો કોને બક્ષવામાં આવ્યા છે ?
(A) દરેક વ્યક્તિઓને
(B) માત્ર નાગરિકોને
(C) કેટલાક અધિકારો નાગરિકો અને વ્યક્તિઓને બક્ષવામાં આવ્યા છે.
(D) માત્ર કુદરતી વ્યક્તિઓને બક્ષવામાં આવ્યા છે.

51 કટોકટી દરમ્યાન કયા મૂળભૂત અધિકારો સ્થગિત કરી શકાતા નથી ?
(A) અનુચ્છેદ - 20 હેઠળના અધિકારો
(B) અનુચ્છેદ - 21 હેઠળના અધિકારો
(C) ઉપરોક્ત (A) અને (B)
(D) તમામ મૂળભૂત અધિકારો

52 જ્યારે બંધારણના સુધારાનું વિધેયક અનુચ્છેદ-368 અનુસાર પસાર થયા પછી, રાષ્ટ્રપતિની અનુમતિ માટે રજૂ કરવામાં આવે ત્યારે રાષ્ટ્રપતિ વિધેયકને _______
(A) પોતાની અનુમતિ આપશે જ
(B) પોતાની અનુમતિ ન આપે
(C) પુનઃ વિચારણા માટે પાછું મોકલે
(D) સર્વોચ્ચ અદાલતના અભિપ્રાય માટે મોકલશે

53 મુક્તપણે ફરવાના સ્વાતંત્ર્યને કયા આજ્ઞાપત્ર (રીટ) દ્વારા સુરક્ષિત કરવામાં આવ્યો છે ?
(A) પરમાદેશ (B) બંદી પ્રત્યક્ષીકરણ
(C) અધિકારપૃચ્છા (D) પ્રતિષેધ

54 ભારતીય ફોજદારી ધારાની કલમ-11 અન્વયે 'વ્યક્તિ' શબ્દમાં શેનો સમાવેશ થાય છે ?
(A) કંપની (B) સંઘ
(C) જન્મેલ કે જન્મનાર બાળક (D) ઉપરોક્ત તમામનો

55 ભારતીય ફોજદારી ધારા હેઠળ 'જાહેર સેવક'ની વ્યાખ્યામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?
(A) ચૂંટણીને લગતી તમામ કાર્યવાહી કરતી દરેક વ્યક્તિ
(B) ચૂંટણીનો ઉમેદવાર
(C) મ્યુનિસિપલ કમિશનર
(D) લશ્કરી દળના કમિશન અધિકારીઓ

56 નીચેનામાંથી કઈ બાબત દસ્તાવેજ છે ?
(A) લખાણ મુદ્રિત લીથો કરેલ શબ્દો (B) નકશો અથવા પ્લાન, ધાતુપત્ર, તામ્રપત્ર
(C) વ્યંગચિત્ર (D) ઉપરની તમામ બાબત

57 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?
(A) ખોટી સાક્ષી ફક્ત ન્યાયની અદાલત સમક્ષ આપી શકાય.
(B) ખોટી સાક્ષી ન્યાયની કાર્યવાહી ચલાવતા કોઈ જાહેર નોકર સમક્ષ આપી શકાય.
(C) ખોટી સાક્ષી સોગંદ ઉપર અપાયેલ હોવી જોઈએ.
(D) ઉપરોક્ત તમામ.

58 ભારતીય પુરાવાના કાયદાના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) જે હકીકતોની અદાલત ન્યાયિક નોંધ લે, તે હકીકતો પુરવાર કરવાની જરૂર નથી.

(B) દસ્તાવેજોની વિગતો કાં તો પ્રાથમિક અથવા ગૌણ પુરાવાથી સાબિત કરી શકાય.

(C) ઉપરોક્ત (A) અને (B)

(D) કોઈ પણ વિધાન સાચું નથી.

59 'ક્ષ' પર 'ક'નું ખૂન કરવાનો આરોપ છે. સુનાવણી વખતે નીચેની હકીકતો પૈકી કઈ મુદ્દાની હકીકત (Fact in issue) ગણાય ?

(A) 'ક્ષ'એ 'ક'નું મૃત્યુ નીપજાવ્યું

(B) 'ક્ષ', 'ક'નું મૃત્યુ નીપજાવવાનો ઈરાદો રાખતો હતો.

(C) 'ક્ષ'ને 'ક' તરફથી ગંભીર અને તત્ક્ષણ ઉશ્કેરણી કરવામાં આવી હતી.

(D) ઉપરોક્ત તમામ હકીકતો.

60 નીચેની પૈકી કઈ તપાસમાં સૂચક પ્રશ્નો પૂછી શકાય ?

(A) સરતપાસમાં (B) ઉલટ તપાસમાં

(C) ફરી તપાસમાં (D) ઉપરોક્ત તમામમાં

61 નીચેના પૈકી કયા અધિકાર બંધારણના પાયાના સિદ્ધાંતનો ભાગ નથી ?

(A) જાન કે પ્રાણનો અધિકાર (B) મિલકત ધરાવવાનો અધિકાર

(C) ધર્મને લગતા સ્વાતંત્ર્યનો અધિકાર (D) સમાનતાનો અધિકાર

62 બંધારણની આરંભથી તરત પહેલાં ભારતમાં અમલમાં હોય તે તમામ કાયદાઓ ________

(A) રદબાતલ ગણાશે.

(B) રદબાતલ થવાને પાત્ર છે.

(C) મૂળભૂત અધિકાર સાથે અસંગત હોય તો તે અસંગતતા પૂરતા રદબાતલ ગણાશે.

(D) વિધિમાન્ય છે.

63 નિવારક અટકાયતના કાયદા હેઠળ કરાયેલ અટકાયતના કેસમાં, સલાહકાર મંડળનો અહેવાલ મેળવ્યા સિવાય વધુમાં વધુ કેટલો સમય સુધી અટકાયતમાં રાખી શકાય ?

(A) 3 માસ (B) 2 માસ

(C) 6 માસ (D) 12 માસ

64 સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની નિવૃત્તિની વય મર્યાદા કેટલાં વર્ષની છે ?

(A) 58 વર્ષ (B) 60 વર્ષ

(C) 62 વર્ષ (D) 65 વર્ષ

65 ભારતીય પુરાવાના કાયદા અન્વયે સ્વીકૃતિઓની જોગવાઈઓના સંદર્ભમાં કયું વિધાન સાચું છે ?

(A) સ્વીકૃતિ માત્ર લેખિત જ હોવી જોઈએ.

(B) સ્વીકૃતિ માત્ર મૌખિક જ હોવી જોઈએ.

(C) સ્વીકૃતિ મૌખિક કે લેખિત હોઈ શકે.

(D) ઉપરોક્ત (A) અને (B).

66 ભારતીય પુરાવા અધિનિયમની કલમ-115 અન્વયેની જોગવાઈઓના સંદર્ભમાં કયું વિધાન સાચું છે ?

(A) પ્રતિરોધ હકીકતની માન્યતા સામે મળી શકે.

(B) પ્રતિરોધ કાયદાના સિદ્ધાંતો (સૂત્રો) સામે મળી શકશે નહિ.

(C) પ્રતિરોધ પક્ષકારોને જ બંધનકર્તા છે.

(D) ઉપરોક્ત તમામ વિધાનો.

67 ભારતીય પુરાવા અધિનિયમ કઈ કાર્યવાહીને લાગુ પડે છે ?

(A) માત્ર દીવાની કાર્યવાહીને

(B) માત્ર ફોજદારી કાર્યવાહીને

(C) દીવાની તેમજ ફોજદારી કાર્યવાહીને

(D) લવાદ સમક્ષ ચાલતી કાર્યવાહીને

68 સાક્ષીને બોલાવનાર પક્ષકાર દ્વારા તેની તપાસ થાય તેને _________

(A) સરતપાસ કહેવાય (B) ફરી તપાસ કહેવાય

(C) ઉલટ તપાસ કહેવાય (D) ફરી તપાસ કે ઉલટ તપાસ કહેવાય

69 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) જે ગુનાના સંબંધમાં ત્રણ માસથી વધારે સમય માટે કેદની શિક્ષાપાત્ર સજા થઈ શકે, તેવા સમન્સ કેસને વોરંટ કેસમાં બદલી શકાય.

(B) સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહી કરવાની સત્તા માત્ર ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટને છે.

(C) સમન્સ કેસમાં રીતસરનું તહોમતનામું ઘડવાનું હોતું નથી.

(D) ઉપરોક્ત (A) અને (B).

70 Cr.P.C.ની કલમ-468 અન્વયે, જો ગુનો ફક્ત દંડને પાત્ર હોય તો, અદાલતે ગુનાની નોંધ (Cognizance) કેટલા સમય લેવી જોઈએ ?

(A) 15 દિવસમાં (B) 6 માસમાં

(C) 9 માસમાં (D) એક વર્ષમાં

71 દરેક સંક્ષિપ્ત ઈન્સાફી કાર્યવાહીમાં, રાજ્ય સરકાર નક્કી કરે તે પ્રમાણેના રજિસ્ટરમાં, Cr.P.C.ની કલમ - 263 અન્વયે દરેક બાબતની નોંધ કરવા _________

(A) મેજિસ્ટ્રેટ બંધાયેલા છે.

(B) મેજિસ્ટ્રેટ બંધાયેલા નથી.

(C) મેજિસ્ટ્રેટની વિવેકબુદ્ધિની બાબત છે.

(D) ઉપરના તમામ વિકલ્પો ખરા છે.

72 ખોટો પુરાવો અને સંબંધક ગુનાઓના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?

(A) ખોટો પુરાવો બનાવવામાં ગુનાનું હાર્દ ઈરાદામાં રહેલું છે.

(B) ખોટો પુરાવો બનાવવામાં આવે કે તરત જ આ ગુનો સંપૂર્ણ બને છે.

(C) ખોટા પુરાવાનો ખરેખર ઉપયોગ કરવાનું જરૂરી છે.

(D) ઉપરોક્ત (A) અને (B)

73 અદાલતમાં સાંયોગિક પુરાવા તરીકે ઉપયોગ થાય, એવા ઈરાદાથી 'ક્ષ' તેની દુકાનના ચોપડામાં ખોટી નોંધ કરે છે. - આ બાબતના સંદર્ભમાં નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) 'ક્ષ' નિર્દોષ છે.

(B) 'ક્ષ'એ ખોટો પુરાવો બનાવવાનો ગુનો કર્યો કહેવાય.

(C) 'ક્ષ'એ ખોટી માહિતી આપવાનો ગુનો કર્યો કહેવાય

(D) 'ક્ષ'એ ખોટો પુરાવો બનાવવાના પ્રયત્ન કર્યાનો ગુનો કર્યો કહેવાય.

74 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ, ભારતના મુખ્ય ન્યાયમૂર્તિને સંબોધીને રાજીનામું આપી શકે.

(B) માર્ગદર્શક સિદ્ધાંતોનું અદાલત દ્વારા પાલન કરાવી શકાય નહીં.

(C) ભારતના બંધારણમાં સુધારા કરવાની સત્તા સંસદને છે.

(D) ઉપરોક્ત (B) અને (C)

75 બંધારણના સુધારા માટેના વિધેયકને રાષ્ટ્રપતિ સમક્ષ અનુમતિ માટે રજૂ કરવામાં આવે તે પહેલાં, એ વિધેયક માટે અડધા કરતાં ઓછી નહિ તેટલાં રાજ્યોના વિધાનમંડળનું અનુમોદન મેળવવું ક્યારે આવશ્યક છે ?

(A) રાષ્ટ્રપતિની ચૂંટણીની પદ્ધતિ

(B) સાતમા પરિશિષ્ટની કોઈ પણ યાદી

(C) સંઘ અને રાજ્યો વચ્ચેના સંબંધો

(D) ઉપરોક્ત તમામ બાબતો.

76 અનુચ્છેદ-143 હેઠળ, સર્વોચ્ચ અદાલતને કોણ રેફરન્સ કરી શકે અને અભિપ્રાય મેળવી શકે ?

(A) રાષ્ટ્રપતિ (B) વડાપ્રધાન

(C) કાયદા પ્રધાન (D) લોકસભાના સ્પીકર

77 બંધારણમાં કેટલાં વર્ષથી નાના બાળકોને કારખાનામાં નોકરીએ રાખવા પર પ્રતિબંધ છે ?

(A) 12 વર્ષ (B) 14 વર્ષ

(C) 16 વર્ષ (D) 18 વર્ષ

78 પર્યાવરણની સુરક્ષાને લગતી જોગવાઈઓ બંધારણમાં ________

(A) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતમાં છે.

(B) મૂળભૂત ફરજોના પ્રકીર્ણમાં છે.

(C) રાજ્યના માર્ગદર્શક સિદ્ધાંતોમાં તેમજ મૂળભૂત ફરજોના પ્રકીર્ણમાં છે.

(D) આમુખમાં છે.

79 બંધારણ અમલમાં આવ્યા પછી મૂળભૂત હક્કો લઈ લેતો અથવા તેમાં ઘટાડો કરતો કાયદો ________

(A) શરૂઆતથી રદબાતલ ગણાશે. (B) રદબાતલ ગણાશે.

(C) રદ થવાને પાત્ર ગણાશે. (D) રદબાતલ કે રદબાતલ થવાને પાત્ર ગણાશે.

80 બંધારણમાં 44મો સુધારો થયા પછી મિલકત ધરાવવાનો હક હવે ________
(A) મૂળભૂત હક છે.
(B) બંધારણીય હક છે.
(C) બંધારણીય તેમજ મૂળભૂત હક છે.
(D) કાનૂની હક છે.

81 નીચેના પૈકી કોને ભારતીય પુરાવાનો કાયદો લાગુ પડતો નથી ?
(A) લવાદ સમક્ષની પ્રક્રિયાઓને
(B) અદાલત કે અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવેલ સોગંદનામાઓને.
(C) ભૂમિદળ, હવાઈદળ તથા નૌકાદળ અધિનિયમ હેઠળ યોજવામાં આવેલ કોર્ટ માર્શલ સમક્ષની પ્રક્રિયાઓને
(D) ઉપરની તમામ બાબતોને

82 ભારતીય પુરાવાના કાયદા હેઠળ નીચે દર્શાવેલી બાબતો પૈકી કઈ બાબત હકીકત (fact) કહી શકાય ?
(A) અમુક વસ્તુઓ, અમુક રીતે, અમુક જગ્યાએ ગોઠવેલી છે.
(B) કોઈ વ્યક્તિએ અમુક વસ્તુ જોઈ અથવા સાંભળી.
(C) કોઈ વ્યક્તિએ અમુક શબ્દો કહેલા છે.
(D) ઉપરોક્ત તમામ બાબતો.

83 પુરાવા સંબંધી નીચેના પૈકી કયો નિયમ મહત્ત્વનો- છે ?
(A) પુરાવો હંમેશાં સુસંગત હકીકતો પૂરતો મર્યાદિત હોવો જોઈએ.
(B) સાંભળેલો પુરાવો (hearsay evidence) સ્વીકાર્ય નથી.
(C) દરેક કિસ્સામાં હંમેશાં શ્રેષ્ઠ પુરાવો રજૂ કરવો જોઈએ.
(D) ઉપરોક્ત તમામ નિયમો.

84 મુલકી નોકરિયાતોની નોકરીના સંદર્ભમાં રાષ્ટ્રપતિની મરજી (ડૉક્ટ્રીન ઑફ પ્લેઝર)નો સિદ્ધાંત કોને લાગુ પડતો નથી ?
(A) સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશ (B) રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશ
(C) મુખ્ય ચૂંટણી કમિશનર (D) ઉપરોક્ત તમામ

85 આંતરરાજ્ય જળવિવાદના નિરાકરણ માટેની અરજી અંગે બંધારણમાં શું જોગવાઈ છે ?
(A) સર્વોચ્ચ અદાલતમાં અરજી કરવી.
(B) સંસદે ઘડેલા આંતરરાજ્ય જળવિવાદ ધારામાં કરવામાં આવેલ જોગવાઈ અનુસાર ટ્રિબ્યુનલમાં અરજી કરવી.
(C) રાજ્યની વડી અદાલતમાં અરજી કરવી.
(D) રાષ્ટ્રપતિને રેફરન્સ કરવો.

86 ચેરિટી કમિશનરની નિમણૂકની લાયકાત માટે એડવોકેટ તરીકે ઓછામાં ઓછા કેટલા વર્ષનો અનુભવ હોવો જોઈએ ?
(A) 5 વર્ષ (B) 8 વર્ષ
(C) 10 વર્ષ (D) 3 વર્ષ

87 અનુચ્છેદ-368 અન્વયે બંધારણમાં સુધારા કરવાની સત્તા કોને છે ?

(A) સંસદને (B) લોકસભાને

(C) રાજ્યસભાને (D) રાષ્ટ્રપતિને

88 'ક્ષ' નામના આરોપીએ માત્ર દંડની સજાને પાત્ર ગુનો કર્યો છે. આ કેસમાં ફરિયાદીએ ગુનાની તારીખથી કેટલા સમયમાં કોર્ટમાં ફરિયાદ દાખલ કરી શકાય ?

(A) 30 દિવસમાં (B) ત્રણ મહિનામાં

(C) છ મહિનામાં (D) એક વર્ષમાં

89 જે વ્યક્તિની સામે ગુનાનું તહોમત હોય તેને કોની વિરુદ્ધ સાહેદી (witness) આપવાની ફરજ પડાશે નહિ ?

(A) પોતાની (B) બીજાઓની

(C) પોલીસની (D) ઉપરોક્ત (B) અને (C)

90 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) પોલીસ તપાસ દરમ્યાન પોલીસ અધિકારી સાક્ષી નિવેદન લે તો તેમાં એ સાક્ષીની સહી તેમણે લેવી ના જોઈએ.

(B) આરોપીની વિરુદ્ધ તહોમત ઘડાયા પછી તેમાં ફેરફાર થઈ શકે નહીં.

(C) સમન્સ કેસની ઈન્સાફી કાર્યવાહીમાં આરોપી ગુનો કબૂલ કરે તો મેજિસ્ટ્રેટ તેને સજા કરી શકશે.

(D) ઉપરોક્ત (A) અને (C).

91 મુલકી નોકરીયાતોની સામે તપાસ યોજવાની કે આક્ષેપોની નોટિસ આપવાની જરૂરિયાત નીચેની પૈકી કઈ બાબતમાં છે ?

(A) બરતરફ કરવાની બાબત

(B) તેમને હોદ્દા ઉપરથી દૂર કરવાની બાબત

(C) તેમને નીચી પાયરીએ ઉતારવાની બાબત

(D) ઉપરોક્ત કોઈ પણ બાબત

92 પ્રતિષેધની રીટ (writ) ક્યારે થઈ શકે ?

(A) કેસની સુનાવણી થઈ ગયા પછી.

(B) કેસની સુનાવણી થઈ રહી હોય ત્યારે.

(C) કેસની સુનાવણી થઈ રહી હોય ત્યારે કે સુનાવણી થઈ ગયા પછી.

(D) કેસની સુનાવણી થઈ ગયા પછી અપીલ કરવાની સમય મર્યાદાની અંદર.

93 સાર્વજનિક ટ્રસ્ટના હિસાબો રાખવાની ફરજ કોની છે ?

(A) ટ્રસ્ટના હિસાબનીશની (B) ચેરિટી કમિશનરની

(C) ટ્રસ્ટીની (D) મદદનીશ ચેરિટી કમિશનરની

94 કોઈ મિલકત સાર્વજનિક ટ્રસ્ટની છે કે નહિ એનો નિર્ણય કરવાની સત્તા કોને આપવામાં આવી છે ?

(A) નાયબ ચેરિટી કમિશનરને (B) મદદનીશ ચેરિટી કમિશનરને

(C) ચેરિટી કમિશનરને (D) ઉપરોક્ત તમામને

95 પુરાવાના કાયદામાં, પ્રશ્ન પૂછનારી વ્યક્તિ પોતે મેળવવા ચાહતી હોય તે મેળવવા અપેક્ષા રાખતી હોય તેવો જવાબ સૂચવતો પ્રશ્ન ___________

(A) સૂચક પ્રશ્ન કહેવાય (B) અયોગ્ય પ્રશ્ન કહેવાય

(C) ગંભીર પ્રશ્ન કહેવાય (D) ઉપરોક્ત કંઈ પણ લાગુ પડતું નથી.

96 બંધારણના આમુખના સંદર્ભમાં ન્યાય એટલે શું ?

(A) સામાજિક ન્યાય

(B) આર્થિક ન્યાય

(C) રાજકીય ન્યાય

(D) સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય

97 વાણી અને અભિવ્યક્તિના સ્વાતંત્ર્યના સંદર્ભમાં, નીચેના પૈકી કઈ બાબત માટે રાજ્ય કાયદો ઘડી વાજબી નિયંત્રણ મૂકી શકે ?

(A) ભારતના સાર્વભૌમત્વના હિતમાં

(B) ભારતની અખંડિતતાના હિતમાં

(C) વિદેશી રાજ્યો સાથેના ભારતના મૈત્રી સંબંધો

(D) ઉપરોક્ત તમામ

98 વ્યક્તિની ધરપકડના કેટલા સમયમાં, તેને નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો જોઈએ?

(A) વહેલામાં વહેલો (B) 24 કલાકમાં

(C) 48 કલાકમાં (D) કોઈ સમય મર્યાદા નથી.

99 નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) અનુચ્છેદ - 32 અન્વયે મૂળભૂત અધિકારના રક્ષણ માટે સર્વોચ્ચ અદાલતમાં જઈ શકાય.

(B) અનુચ્છેદ - 226 અન્વયે મૂળભૂત અધિકારના રક્ષણ માટે તેમજ બીજા અન્ય હેતુ માટે વડી અદાલતમાં જઈ શકાય.

(C) ઉપરોક્ત (A) અને (B)

(D) કોઈ પણ વિધાન સાચું નથી.

100 પ્લિડીંગમાં નીચેના પૈકી કઈ બાબતોનો સમાવેશ થાય છે ?

(A) દાવા અરજી અને / અથવા લેખિત નિવેદન

(B) દસ્તાવેજી પુરાવા

(C) મૌખિક પુરાવા

(D) ઉપરોક્ત તમામ બાબતો.

# રફ કામ માટેની જગ્યા